**પખવાડિયામાં ૧૮૬ ફૂડ પેઢી-સ્ટોલની તપાસ, ૧૯૧ ફૂડ ટેસ્ટ અને ૧૦ નમૂના લેવાયા**

# ખાદ્ય સુરક્ષા મામલે વડોદરા તંત્રની તવાઈ, ૩૦૫ કિલો અખાદ્યપદાર્થનો નાશ

**કરજણની** પેઢીમાંથી રૂ.૨.૨૩ લાખની કિંમતનું ૩૪૪ લીટર ઘી જપ્ત

વડોદરા, તા. 29

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા દ્વારા તા. ૧૨ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ દરમિયાન જિલ્લામાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે સઘન તપાસ અને અમલવારીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી ઓફિસરો તથા Food Safety on Wheels (FSW) ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફૂડ બિઝનેસ પેઢીઓ અને સ્ટોલની તપાસ કરવામાં આવી હતી.

સમગ્ર પખવાડિયા દરમિયાન કુલ ૧૮૬ ફૂડ બિઝનેસ પેઢી તથા ફૂડ સ્ટોલની તપાસ કરવામાં આવી હતી. સ્થળ પર કુલ ૧૯૧ ફૂડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે જરૂરી કિસ્સાઓમાં ૧૦ ખાદ્ય નમૂના લેવામાં આવ્યા હતા. ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન ન કરતી પેઢીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કુલ ૯ ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. કેટલીક પેઢીઓ સામે વ્યવસાય બંધ કરાવવાની તેમજ સ્વૈચ્છિક રીતે વ્યવસાય બંધ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોના યોગ્ય સંગ્રહ, સ્વચ્છતા, હાઈજિન અને ખાદ્ય સુરક્ષા અંગે ફૂડ બિઝનેસ ઓપરેટર્સ (FBOs)ને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**કરનાળી-ચાંદોદ અમાસ મેળામાં વિશેષ ચેકિંગ**

કરનાળી-ચાંદોદ ખાતે યોજાયેલા અમાસ મેળા દરમિયાન Food Safety on Wheels દ્વારા વિશેષ ખાદ્ય સુરક્ષા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કુલ ૩૮ ફૂડ સ્ટોલની તપાસ કરવામાં આવી હતી અને ૭૨ ફૂડ ટેસ્ટ કરાયા હતા. મેળામાં ખાદ્ય વ્યવસાય સાથે





સંકળાયેલા લોકો માટે તાલીમ તથા જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

**કરજણમાંથી ૩૪૪ લીટર ઘી જપ્ત**

કરજણ તાલુકાના રમણગામડી ખાતે આવેલી ચાલીસા ફુડ્સમાં તપાસ દરમિયાન Radha Madhav Cow Ghee (૧ લીટર કમ્પોઝિટ પેક જાર)નો નમૂનો લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન કુલ ૩૪૪ લીટર ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં ૨૮ બોક્સમાંથી ૩૩૬ લીટર અને વધુ એક બોક્સમાંથી ૮ લીટર ઘીનો સમાવેશ થાય છે. પ્રતિ લીટર રૂ.૬૫૦ના દરે જપ્ત કરાયેલા ઘીની કુલ અંદાજિત કિંમત રૂ.૨,૨૩,૬૦૦ હોવાનું જણાવાયું છે.

**૩૦૫ કિલો અનહાઈજેનિક ખાદ્યપદાર્થનો નાશ**

તપાસ દરમિયાન અયોગ્ય રીતે સંગ્રહિત તેમજ અનહાઈજેનિક પરિસ્થિતિમાં મળી આવેલા ખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન કુલ ૩૦૫ કિલો ખાદ્ય પદાર્થોનો નાશ કરાયો હતો. તેમાં દાળ, મિશ્ર મસાલા, ખીરું, પીનટ બટર, કોફી, તૈયાર ખાદ્ય પદાર્થ, લાલ ચટણી, પાણીપુરી રગડો, બટાકા, ચાઈનીઝ નૂડલ્સ, ચાઈનીઝ વડીઓ, સોસ, સોયા સોસ, પોટેટો ફ્રાઈઝ, એક્સપાયર ટોમેટો સોસ, મંચુરિયન સહિતના ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે. નાશ કરાયેલા ખાદ્ય પદાર્થોની કુલ અંદાજિત કિંમત રૂ.૩૨,૬૮૦ હતી.

**૬ તાલીમ કાર્યક્રમોમાં ૧૩૧ સહભાગી**

Food Safety on Wheels દ્વારા ખાદ્ય વ્યવસાયકારોમાં ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતા અને હાઈજિન અંગે જાગૃતિ વધારવા માટે કુલ ૬ FBO Training | Awareness Programmes યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં કુલ ૧૩૧ સહભાગીઓ જોડાયા હતા. તંત્ર દ્વારા ખાદ્ય સુરક્ષા કાયદા અને નિયમોનું કડક પાલન કરાવવા માટે તપાસ અને અમલવારીની કામગીરી આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

---

**CST અને ICM ઘટકની સહાય માટે વાવેતરની વિગતો આપવી ફરજિયાત**

# કરજણના કપાસ ક્રાંતિ યોજનાના અરજદાર ખેડૂતો ૩૦ ઓગસ્ટ સુધી ગ્રામસેવકને જાણ કરે

**અરજી** કરનાર ખેડૂતોએ આગામી ૩૦ ઓગસ્ટ સુધી પોતાની વિગતો ગ્રામસેવકશ્રીને મોકલી આપવી

વડોદરા,તા.29

ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૨૬-૨૭ માટે કપાસ પાકમાં ટૂંકા અંતરે વાવેતર કરનારા કે કરવા ઈચ્છતા તમામ ખેડૂતો માટે કપાસ ક્રાંતિ યોજના અમલમાં મુકવામાં આવી છે. જે મુજબ આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ મારફત ખેડૂતો દ્વારા ક્લોઝ સ્પેસીંગ ટેકનોલોજી(CST)અને ઈન્ટીગ્રેટેડ ક્રોપ મેનેજમેન્ટ(ICM) એમ બે ઘટકમાં સહાય મેળવવા ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી. જેમાં મળેલી અરજીઓના આધારે ઓનલાઈન ડ્રો કરવામાં આવ્યું અને જે પૈકી ભારત સરકારશ્રીના ઠરાવ અનુસાર બંને યોજનાઓમાં અનુક્રમે ૯૦ X ૩૦ અને ૯૦ X ૬૦ એટલે કે ૩ ફૂટના બે હાર વચ્ચે અને એક ફૂટ છોડ વચ્ચે એક ફૂટના ગાળે કપાસ પાકનું વાવેતર કરેલા લાભાર્થીઓને ક્લોઝ સ્પેસીંગ ઘટકમાં અને ૩ ફૂટના બે હાર વચ્ચે અને બે છોડ વચ્ચે બે ફૂટના ગાળે કપાસ પાકનું વાવેતર કરેલ લાભાર્થીઓને ઈન્ટીગ્રેટેડ ક્રોપ મેનેજમેન્ટ(ICM) ઘટકમાં પાત્રતા આપવાની થાય છે. ઉપરાંત યોજનામાં નિયત કરેલા બિયારણની જાતનું વાવેતર કર્યું હોય તેમને જ પાત્રતા આપવાની થાય છે.

આ અંગે કરજણ તાલુકાના આ પ્રમાણે વાવેતર કરેલા અને ઓનલાઈન અરજીઓ કરેલા તમામ ખેડૂત મિત્રોએ પોતાના ગામના ગ્રામસેવકશ્રીને પોતાની વિગત સાથે ટેલીફોનીક કે રૂબરૂમાં આગામી તા. ૩૦/૦૮/૨૦૨૬ પહેલા જાણ કરવાની રહેશે. જેથી લાભાર્થીને મળવાપાત્ર લાભ બાબતે જરૂરી આગળની કાર્યવાહી થઇ શકે, જો આ અંગે તા.૩૦/૦૮/૨૦૨૬ સાંજના ૧૭:૦૦ કલાક સુધીમાં કોઈ રજૂઆત નહિ કરવામાં આવે તો સરકારના ધારા ધોરણો અનુસાર વાવેતર કરેલ નથી તેમ માની અરજીઓ ફાઈલે કરવાની થશે.

---

# વેશભૂષા સ્પર્ધામાં ૧૭૦ બાળકોએ પ્રતિભા દર્શાવી

**‘વેસ્ટમાંથી** બેસ્ટ’ પ્રદર્શનમાં સર્જનાત્મકતાનો પરચો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 29

આજરોજ અમારી શાળા એમડીઆઈ પ્રા.શાળા અને ખત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી ‘વેશભૂષા’ (ફેન્સી ડ્રેસ) અને ‘વેસ્ટમાંથી બેસ્ટ’ પ્રોજેક્ટ પ્રદર્શનનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લઈ પોતાની અદ્ભુત પ્રતિભા રજૂ કરી હતી.

આ સ્પર્ધામાં કુલ ૧૭૦ બાળકોએ વેશભૂષામાં ભાગ લીધો



હતો. જેમાં નાના બાળગોપાળોએ મહાત્મા ગાંધીજી, ડૉ. બી. આર. આંબેડકર જેવા મહાન દેશનેતાઓ તેમજ દેશની સેવા કરતા આર્મી જવાન, પોલીસ, વકીલ અને ડૉક્ટર જેવા સામાજિક સેવકોના સુંદર રૂપ ધારણ કર્યા હતા. આ ઉપરાંત, કેટલાક બાળકોએ ટામેટા, ગાજર જેવી વિવિધ લીલી શાકભાજીના મનોહર રોલ ભજવીને આરોગ્યપ્રદ ખોરાકનો સંદેશો આપ્યો હતો.બાળકોની આ રજૂઆતે ઉપસ્થિત તમામ શિક્ષકો અને વાલીઓના મન મોહી લીધા હતા.

---

# મંજુસર પોલીસે મીરસાપુરાના કોતરમાં જુગારધામ ઝડપી પાડ્યું, ૮ જુગારીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) સાવલી, તા.29

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ મીરસાપુરાના કોતરમાં જુગાર રમતા જુગારીયા ઓ ને ઝડપીને 5 નંગ મોટરસાયકલ અને 7 નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 1,43,070 ના મુદ્દામાલ સાથે 8 જુગારીયા ઓ ને ઝડપીને તેમજ 3 ફરાર મળી કુલ 11 જુગારીયા ઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

સાવલી ના મંજુસર પોલીસે બાતમી મળેલ કે મીરસાપુરા ગામની સીમમાં કોતરો માં ખુલ્લી જગ્યામાં મોબાઈલ ના અજવાળે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે તેના પગલે પોલીસે ટીમ બનાવીને કોર્ડન કરીને દરોડો પાડતા મોબાઈલની લાઈટના અજવાળે પત્તા વડે જુગાર રમતા 8 જુગારીયા ઓ ને રંગે હાથ ઝડપી પાડ્યા છે જ્યારે ત્રણ ઈસમો ભાગી છૂટવામાં સફળ થયા છે પોલીસે આ દરોડામાં અંગઝડતીના રૂ.૧૫,૦૭૦ અને દાવ પરના રૂ.૩,૦૦૦ રોકડા તેમજ ૭ નંગ મોબાઈલ રૂપિયા ૪૫૦૦૦ અને ૫ નંગ મોટરસાઈકલ રૂપિયા ૮૦૦૦૦ સહિત કુલ રૂપિયા ૧,૪૩,૦૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે ઝડપેલ જુગારીયા (૧) અજય અંબાલાલ વસાવા રહે સોખડા રામ ટેકરા (૨) હસમુખ જશુભાઈ મકવાણા રહેવાસના કોતરીયા ભાથીજી ફળિયુ (૩) ઈલિયાસભાઈ બાબુભાઈ ઘાંચી રહે સોખડા કુંભાર ફળિયું (૪) નરેશભાઈ કાંતિભાઈ પરમાર રહે મિર્ઝા પુરા ભાથીજી ફળિયુ (૫) બહાદુરસિંહ અમરસિંહ પરમાર રહે મિરસાપુરા ભાથીજી ફળિયું (૬) ગૌરાંગભાઈ જયંતીભાઈ ચૌહાણ રહે સોખડા ભાથીજી ફળિયું (૭) પુનમભાઈ પ્રભાતભાઈ પરમાર રહેમિરસાપુરા (૮) પૃથ્વીરાજ રમેશભાઈ પરમાર રહે મિરસાપુરા બળીયાદેવ ફળિયુ ને ઝડપી પાડ્યા છે જ્યારે ફરાર આરોપીઓ (૯) જી જે 06 એમ એચ 2338 નો ચાલક (૧૦) જી જે 06 ડી ઈ 5149 નો ચાલક (૧૧) સુરેશ ભાઈ વિઠ્ઠલભાઈ પરમાર રહે મિરસાપુરા સહિત ત્રણેય ફરાર ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

**જબુગામ-ચાપરગોટા સહિતના ગામોમાં વાયરલ તાવના દર્દીઓમાં વધારો**

# બોડેલીના જબુગામ સહિતના વિસ્તારોમાં વાયરલ ઈન્ફેક્શનનો વધતો કહેર

(પ્રતિનિધિ) બોડેલી, તા.29

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં ચોમાસાની ઋતુ વચ્ચે વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. તાલુકાના જબુગામ, ચાપરગોટા, ગળોથ સહિત આસપાસના ગામોમાં શરદી, તાવ અને માથાના દુખાવાની ફરિયાદ સાથે દર્દીઓની સંખ્યામાં વધારો થતાં નજીકના સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં દર્દીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી વાયરલ ઈન્ફેક્શનના લક્ષણો



ધરાવતા દર્દીઓ સારવાર માટે દવાખાનાઓમાં પહોંચી રહ્યા છે. ખાસ કરીને શરદી, તાવ, માથાનો દુખાવો સહિતના લક્ષણોથી દર્દીઓ પીડાઈ રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

ચોમાસાની ઋતુમાં વરસાદના કારણે અનેક સ્થળોએ ખાડા-ખબોચિયામાં પાણી ભરાઈ રહે છે. સાથે જ મચ્છરોનો ઉપદ્રવ અને ગંદકીના કારણે મચ્છરજન્ય તથા અન્ય ચેપી રોગોનું જોખમ વધવાની શક્યતા રહે છે.

જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય તંત્ર દ્વારા સ્વચ્છતા, પાણી ભરાવાની સમસ્યા દૂર કરવા અને મચ્છર નિયંત્રણ માટે જરૂરી પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. વાયરલ ઈન્ફેક્શનના વધતા કેસોને પગલે લોકોએ પણ સાવચેતી રાખવી અને તાવ, શરદી કે અન્ય લક્ષણો જણાય તો સમયસર તબીબી સલાહ લેવી જરૂરી બની છે.

---

# જંબુસર-આમોદમાં વરસાદ ખેંચાયો, ખેડૂતોને સિંચાઈની ચિંતા

(પ્રતિનિધિ) ભરૂચ,આમોદ, તા. 29

ભરૂચ જિલ્લાનો કાનમ પ્રદેશ ગણાતો જંબુસર પંથક હાલમાં ભીષણ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ચાલુ ચોમાસામાં મેઘ મહેરનાં અભાવે અહીં ધરતીપુત્રોના પાક સુકાવા માંડ્યા છે. આકાશી ખેતી પર નિર્ભર ખેડૂતોને જ્યાં વરસાદે નિરાશ કર્યા છે, ત્યાં સિંચાઈના સાધનોની ગેરહાજરીમાં તેમણે માથે હાથ દઈને રોવાનો વારો આવ્યો છે. આ પરિસ્થિતિએ જંબુસર-આમોદ તાલુકાના ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. આ ગંભીર સંકટને ધ્યાને લઈને સ્થાનિક ધારાસભ્ય ડી.કે.સ્વામીએ રાજ્ય સરકાર સમક્ષ બે મહત્વપૂર્ણ રજૂઆતો કરી છે. તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એક પત્ર લખીને જંબુસર-આમોદ વિસ્તારની નર્મદા નહેરોમાં તાત્કાલિક પાણી છોડવાની માંગ કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, આ વિસ્તારના મોટાભાગના ખેડૂતો સિંચાઈ માટે નહેરોના પાણી પર જ નિર્ભર છે, અને વરસાદની ખેંચને કારણે પાકને સમયસર પાણી ન મળે તો મોટા પ્રમાણમાં નુકસાન થવાની આશંકા છે. બીજી તરફ, ખેડૂતોને ખેતી માટે જરૂરી વીજળીની સમસ્યાને પણ ધ્યાનમાં લેતાં ઊર્જા મંત્રીને પત્ર લખીને હાલ મળતી ૮ કલાકની વીજળીના બદલે ઓછામાં ઓછા ૧૨ કલાક નિયમિત વીજળી આપવાની માંગ કરી છે.

---

**છોટાઉદેપુરમાં સંસ્કૃત સાહિત્ય દિનની ભવ્ય ઉજવણી**

# છોટાઉદેપુરમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત “સંસ્કૃત સાહિત્ય દિન”ની ભવ્ય ઉજવણી યોજાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.28

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી શીતલબેન બારીયાના સહિત મહાનુભાવોના હસ્તે ‘બિંદુસંજ્ઞક ઉપનિષદો’ પુસ્તકનું વિમોચન કરાયું ભારતીય સંસ્કૃતિના જતન, સંવર્ધન અને સંસ્કૃત ભાષાના વ્યાપક પ્રચાર-પ્રસારના ઉમદા હેતુથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર પ્રેરિત તથા છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ‘સંસ્કૃત



સપ્તાહ મહોત્સવ’ અંતર્ગત “સંસ્કૃત સાહિત્ય દિન” ની ઉજવણી છોટાઉદેપુર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી શીતલબેન બારીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય વક્તા સરકારી વિનયન કોલેજ, કવાંટના ડૉ. અર્ચનાબેન ત્રિવેદી અને સંસ્કૃત ભારતીના પ્રતિનિધિ શ્રી આનંદભાઈ પંડ્યાએ સંસ્કૃત ભાષાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સંસ્કૃત એ માત્ર એક ભાષા નથી પરંતુ તમામ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનો આધારસ્તંભ છે. સંસ્કૃતના જ્ઞાનથી જ આપણો વૈદિક અને સાંસ્કૃતિક વારસો સુરક્ષિત રહી શકે છે.

---


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**વેલ્ડર જોઈએ**
(પગાર- 1,000 રોજના) 3/4 વેલ્ડર જોઈએ છે. એન્થમ સર્કલ, કોસમાડા- સુરત. 9913711397 (279)

**જોઈએ છે.**
લાલ દરવાજા વિસ્તારમાં લેસ/બોર્ડર પેકિંગ કામ માટે માણસો. ઉંમર 20-50 વર્ષ. મો. 9879735198

**જોઈએ છે.**
મહેનતું. પગાર 12000/-. એકટીવા ધરાવનાર 15000/-, 18000/-. વિનોદ રેડિયો. 9374711161

**જોઈએ વરાછા**
બરોડા પ્રિસ્ટેજમાં ઈમિટેશન દુકાનમાં પેકીંગકામ માટે 5 બેહનો સમય: સવારે 9થી સાંજે 7. પગાર: 8000થી 10000. 9909985285.

**જોઈએ છે**
સેલ્સમેન / સેલ્સગર્લ. ઉજ્જવળ કારકિર્દી માટે બેસ્ટ ઓપોરચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોલ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO. 8160859341

**જોઈએ છે**
2 બેન રસોઈમાં કામ કરી શકે તેવી રહેવાનું, ખાવાની સગવડ સાથે. Mo:- 9737255166

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા વાહનો વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**રેમન્ડ ૩ પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કંપનની સાદી,**
એલ્યુમિનિયમની જમ્પર ગીયર ડિસ્કબ્રેકવાળી તેમજ બેટરીવાળી સાયકલો વ્યાજબીભાવે ખરીદો. ડીલર: સ્વામીનારાયણ સાયકલ, ઝુંડાશેરી, સગરામપુરા. 9974094855

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યન્મોત્રી, ગંગૌત્રી, હરિદ્વાર (49મો પ્રવાસ), તારીખ- 09/09, 10/10, દિવસ- 15/16. (ચોક્કસ ઉપડશે) સંપૂર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કીશનભાઈ- 9898700934

**ચાલો કેરાલા**
જાણીતું અને માનીતું નામ કિંજલ શાહ આયોજીત સુવ્યવસ્થિત વિવિધ ટુર પેકેજ (દિવાળી- કેરાલા/ કાશ્મીર/ ગોવા) (જાન્યુઆરી- કચ્છ રણોત્સવ સિવાય વારાણસી અયોધ્યા/ સોમનાથ- દ્વારકા) વધુ જાણકારી માટે સંપર્ક કિંજલ શાહ. JOY ENJOY TRAVEL PLANNER. અઠવાગેટ, સુરત. 9426157371.

**JOY N JOY TRAVELS**
રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો બ્રેકફાસ્ટ- ડીનર/ જેપેનીઝ કોસ્ટર દ્વારા પ્રવાસનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. દિવસ- 08, તારીખ:- 12 નવેમ્બર (9 સીટ બાકી) બજેટ અનુસાર અન્ય પેકેજો માટે સંપર્ક કરો. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723

**30 વર્ષના અનુભવી**
જૂના જાણીતા રાજુમોદીના દિવાળી પ્રવાસો. (કેરેલા, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ,અદ્રપલ્લી) (કાશ્મીર, વૈષ્ણોદેવી, અમૃતસર, પટનીટોપ) (શિમલા, મનાલી, ડેલહાઉસી, અમૃતસર) 9 નવેમ્બર, દિવસ 13, સુરતથી સુરત. 9374512979 (5 સપ્ટેમ્બર પહેલા બુકિંગ કરાવી રેલવે ટિકિટ ફ્રી મેળવો.) (284)

**મિલ્કત ભાડેથી**

**જગ્યા ભાડે આપવાની**
છે. ગ્રાઉન્ડ + ૨ ફ્લોર આશરે ૨૧૦૦ સ્કેવર ફૂટ રંગઉપવનની પાછળ, કોંગ્રેસ ઓફિસની બાજુમાં, નાનપુરા મક્કાઈપુલ સુરત. મો. ૮૮૬૬૨૭૬૦૩૨, ૯૩૨૭૫૫૨૬૧૯ (285)

**મિલ્કત વેચવાની છે**

**સુરત સ્ટેશન વિસ્તારમાં**
ગેસ્ટ હાઉસ હોસ્પિટલ માટે મોકાની જગ્યા પ્લાન પાસ વેચાણથી લેવા માટે રૂબરૂ મળવું.. અલીઅસગરભાઈ +91 99247 54529

**વેચવાનો છે**
4800 વારનો પ્લોટ, ડામર રોડટચ નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ પ્લોટમાં કઈપણ બાંધકામ કરી શકો, સુડા અને કોર્પોરેશન લિમિટની બહાર, વેલુક ગામ પછી, જહાંગીરપુરા- દાંડીરોડ, M.: 9898076797

**પરશુરામ ગાર્ડન**
151 વારનો પ્લોટ વેચવાનો છે દલાલ માફ. 9601662923

**અડાજણ 2 BHK**
ફ્લેટ વેચવાનો. ગંગેશ્વર મહાદેવ મંદિર, SMC લાઈબ્રેરી પાસે. 9879397732

**વેચવાના છે**
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો, નવા પ્રોજેક્ટમાં 42 ફૂટ X 125 ફૂટના (584 વારના) NA પ્લાન પાસ, કમ્પાઉન્ડ વોલ, રોડ, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ વિગેરે સુવિધાઓ કરીને, 08 મહિનાના સરળ હપ્તેથી. પલસાણા બારડોલી હાઈવેરોડ પાસે M.: 9898076797

**રનીંગ ફેક્ટરી વેચવાની**
છે, પહેલે દિવસથી કમાઈ કરો, દમણમાં પ્લાસ્ટિક એલ. ડી. ઝભલા કીરાણા બેગ બનાવવાની ફેક્ટરી, પાવર જગ્યા સાથે/ વગર, વેચવાની છે, કોન્ટેક્ટ: 7303155545 વસંતભાઈ

**ડીકે પાર્ક ભટાર રોડ**
ટચ G+1 ફ્લેટ વેચવાનો છે (9925162067) દલાલ માફ (283)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**2 BHK ફ્લેટ**
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*